ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૭-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# દેશવ્યાપી સમસ્યા, ઉકેલ માગતો કોયડો

વિશ્વની સૌથી પ્રાચીન અને ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા આપણા મહાન દેશમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી વિકૃત કામવૃત્તિએ જે ઉપાડો લીધો છે એથી આપણું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. પશ્ચિમની સંસ્કૃતિનો સતત દોષ કાઢતા આપણા ફિલસૂફો, સંતો કે રાજનેતાઓ આ મુદ્દે કશી જ સક્રિયતા દાખવ્યા વિના બેરોકટોક બનતી રહેતી જઘન્ય ઘટનાઓના મૂક સાક્ષી બની રહે એ જ શું મોટી વિડંબના નથી? સ્ત્રીને ભોગ્યા માની લેનારા આપણા પુરૂષપ્રધાન સમાજે યુગોથી એને સહનશીલતાની મૂર્તિ બનાવી મૂકી છે. બંધારણમાં એને સમાન અધિકારો સાંપડ્યા હોવા છતાં એનું અગાઉ થતું એવું જ ઉત્પીદન અને શોષણ થતું રહ્યું છે. કરૂણતા તો એ છે કે શિક્ષણનો વ્યાપ વધતાં બહેન દીકરીઓ ભગભર બની છે ત્યારે એમની વિરૂદ્ધ જાતીય શોષણની ઘટનાઓનું જાણે કે ઘોડાપુર આવી ગયું છે. રાજધાની દિલ્હીની છાપ દુનિયાભરમાં 'રેપ કેપિટલ' સમી બની ગઈ છે. સત્તાનાં સૂત્રો વિપક્ષના હસ્તક જવાની એમાં કોઈ જ ફરક પડ્યો નથી. બલકે બહુ ચર્ચિત દામિની કે નિર્ભયા કાંડ પછી તો કાયદામાં ફેરફાર કર્યા છતાં આવી ઘટનાઓ ઉલટાની વધુ ને વધુ બહાર આવી રહી છે. બળાત્કારીઓને ગમે તેવી આકરી સજાની પણ બીક નથી લાગતી. આ રેપનો ચેપ દિલ્હી પૂરતો મર્યાદિત નથી. એ બેંગલોર, કૃષ્ણાગિરિ (આંધ્ર) જેવા દખ્ખણ મુલક સુધી ફેલાયો છે. વડાપ્રધાનનું સંસદીય ક્ષેત્ર - વિશ્વનાથની નગરી વારાણસી પણ એમાં બાકાત નથી રહ્યું. રોજના હિસાબે ક્યારેક દેવરિયા તો ક્યારેક લખનૌ કે અલ્હાબાદમાં ગેંગરેપની ઘટનાના સમાચાર ટીવી અને અખબારોની હેડલાઈન બની રહે છે. આવી ક્રૂર ઘટનાઓ બનતી હોવા છતાં રાજનેતાઓનું પેટનું પાણી નથી હાલતું. 'નેતાજી'ના હુલામણા નામે ઓળખાતા ઉત્તરપ્રદેશના સમાજવાદી અગ્રણી મુલાયમસિંહ આવી ઘટનાઓ વિશે ઠંડા કલેજે એવી પ્રતિક્રિયા આપી શકે છે કે વસતિના પ્રમાણમાં ઉત્તરપ્રદેશમાં સૌથી ઓછી ઘટનાઓ બને છે! અર્થાત્ દેશની છઠ્ઠા ભાગની વસતિ ધરાવતાં ઉત્તરપ્રદેશમાં બનતી ગેંગરેપની જઘન્ય ઘટનાઓનું પ્રમાણ નેતાજીને વર્તમાન સંજોગોમાં હોવું જોઈએ એ કરતાં ઘણું ઓછું વરતાય છે. આ પ્રકારની માનસિકતા ધરાવતા નેતાઓ પાસે સમાજ ભાગ્યે જ કોઈ અપેક્ષા રાખી શકે. કેન્દ્ર સરકાર પણ આ મુદ્દે બહુ ચિંતિત હોય એવું નથી લાગતું. એ આરામથી આ લૉ એન્ડ ઓર્ડરની સમસ્યા છે અને તેની જવાબદારી જે તે રાજયોની છે એમ કહી છૂટી જવાનું વલણ ધરાવે છે. તો શું આપણે આ સમસ્યાને નજર સામે વકરતી જોતા જ રહીશું? અદાલતોમાં આવા કેસ આવે અને સાક્ષી-પુરાવા ન મળે તો ગુનેગારો સિફતથી છુટી પણ જતા હોય છે. ખાસ તો ગેંગરેપનો શિકાર બનેલી યુવતીઓ બલકે કયારેક તો સાવ નાની વયની બાલિકાઓને ક્રૂરતાપૂર્વક મારી નાખીને પુરાવાનો નાશ કરી દેવાતો હોય છે. છેલ્લે આવી અનેક ઘટનાઓ અનેક સ્થળોએ બની છે. કાં તો મારી નાખ્યા પછી એવી કમનસીબ બહેન-દીકરીઓને કોઈ ઝાડની ડાળીને ટીંગાળી લઈ એમને આપઘાત કર્યો હોવાનો દેખાવ રચાય છે. આ સમસ્યા દિવસે દિવસે વધુને વધુ વકરતી જાય છે. ટીવી ચેનલો એમના સમાચારોમાં આવી ઘટનાઓનો રોમાંચક અને આઘાતજનક સમાચારો તરીકે રોજેરોજ ઉલ્લેખ કરી એમના દર્શક રેટમાં વધારો કરતી રહે છે. અખબારોમાં સનસનાટીભર્યા સમાચારો છપાતા રહે છે. પરંતુ આ સમસ્યાનો કોઈ ઉકેલ શોધવાનો કોઈ પણ સ્તરે પ્રયાસ થયો હોય એવું આજપર્યંત જાણવા મળ્યું નથી. શું સંવેદનહીન આંધળી બહેરી-બોબડી કેન્દ્ર કે રાજય સરકારોની જ આ જવાબદારી છે? કહેવાતા સમાજચિંતકો, ઉપદેશકો, કથાકારો, સાહિત્યકારોએ આ બધું ચૂપચાપ જોયા જ કરવાનું છે? ચાલો, આ ક્ષણે જ આ ભયંકર ટ્રેજેડી-નો ઈલાજ શોધવા સહિયારો પુરૂષાર્થ કરીએ. એ પુરૂષાર્થ માણસે પોતાની જાતથી જ શરૂ કરવો રહ્યો. સ્ત્રીને જો આપણે બહેન-દીકરી-માતા કે પત્ની તરીકે જોતાં શીખીશું તો કદાચ આખી વિકૃત માનસિકતા સામે ઝઝૂમવાનું આત્મબળ પેદા કરી શકીશું. હવે વધુ વિલંબ પોસાય એમ નથી.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય રાજયકક્ષાએ ફુટબોલ સ્પર્ધામાં ભાગ લેશે

માઉન્ટ કાર્મેલ સેકટર-૨૧માં જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ ફુટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૧૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ૧૦ વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે. પસંદ પામેલ વિદ્યાર્થીનીઓ ચૌધરી દિવ્યા, રમીલા, બીજલ, રીન્કુ, જાનુ, વર્ષા, કિરણ, પ્રગતિ, રીતુ અને કટારા સિયાને વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેન અને પિનાક્ષીબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## ચૌધરી કોલેજમાં પાંચ દિવસીય હસ્તકલા શિબિર યોજાઈ

સેકટર-૭માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં બી.એ. હોમ સાયન્સ વિભાગ અને શ્રીજી હેન્ડીક્રાફટ સંસ્થા દ્વારા પાંચ દિવસીય કાર્ય શિબિર યોજવામાં આવીહતી.

કોલેજની વિદ્યાર્થીનીઓ શિક્ષણની સાથે સર્જન શકિત વિકસે તેમજ ભવિષ્યમાં પોતાનો આગવો ગૃહ ઉદ્યોગ શરૂ કરી પગભર બને તે માટે કોલેજમાં પાંચ દિવસીય હસ્તકલા કાર્ય શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં શ્રીજી હેન્ડીક્રાફટના આર્ટીસ્ટ જયેશભાઈએ વિદ્યાર્થીનીઓને અવનવા ફલાવર્સ, ગ્લાસ પેઈન્ટીંગ, પેન સ્ટેન્ડ જેવા આર્ટીકલ્સ શીખવાડયા હતા. શિબિર કો ઓર્ડીનેટર પ્રા. પ્રતિમા છનિયારા અને હોમ સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

## ભવન્સ કલ્ચરલ અકાદમી દ્વારા સુગમ સંગીત શિબિર ૨૫મી જુલાઈએ યોજાશે

ભારતીય વિદ્યાભવન પોતાના ભવ્ય ઐતિહાસિક વારસા સાથે અમદાવાદ ખાનપુરમાં ૫૦મા વર્ષમાં પ્રવેશેલ છે. ભવન્સનું નવપલ્લવિત સોપાન 'ભવન્સ કલ્ચરલ અકાદમી અને સેન્ટર ફોર આર્ટ્સ'ને ત્રિદિવસીય સુગમ સંગીતના શિબિરનું આયોજન કરેલ છે. શિબિરમાં વિષયના તજજ્ઞો સર્વશ્રી બિરેન પુરોહિત, શ્રી નયનેશ જાની અને શ્રી તુષાર શુકલ શિબિરાર્થીઓને સુગમ સંગીત, વિવિધ રચનાઓ, સાહિત્યકરિ અંગે તલસ્પર્શી શિક્ષણ આપશે. શિબિર તા. ૨૫થી ૨૭જુલાઈ યોજવામાં આવશે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિએ મોબાઈલ નં. ૯૭૨૨૧ ૯૯૨૭૦, ૯૯૭૮૯ ૭૭૮૮૧ પર સંપર્ક કરવો. શિબિરનું ઉદ્‌ઘાટન તા. ૨૫મી જુલાઈએ સવારે ૯ વાગે યોજાશે. તેમ શ્રી જીગર રાણા નિયામકશ્રીએ જણાવેલ છે.



# શિક્ષણનું વ્યાપારીકરણ થતાં ગરીબ બાળકો માટે દોહ્યલુ બન્યું છે : મહેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજરોજ શિક્ષણ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા બાયડ મત વિસ્તારના ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્યના બજેટમાં ૧૭ ટકા જેટલી રકમની ફાળવણી શિક્ષણ માટે કરવામાં આવી છે. જ્યારે દેશની અંદર ગુજરાતની મોડેલની વાત કરતા હોઈએ ત્યારે અન્ય વિકસીત રાજ્યોની સરખામણી કરવી જરૂરી હોય છે.

પહેલાના જમાનામાં એ કહેવત હતી કે, મા-બાપ પોતાના બાળકોને પેટે પાટા બાંધીને ભણાવતા હતા જ્યારે આજે મા-બાપે પોતાના બાળકોને ભણાવવા માટે પેટે પ્લાસ્ટર કરે તો પણ પહોંચી વળી શકે તેમ નથી તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. એક બાજુ ભાર વગરના ભણતરની વાત કરે છે ત્યારે શિક્ષણનું ખાનગીકરણ થવાથી સામાન્ય વર્ગને પોતાના બાળકોને ભણાવવા અત્યંત મુશ્કેલરૂપ છે. જે રીતે સમાજના આગેવાનો સમાજમાં સમૂહલગ્નો દ્વારા સમાજ ઉપયોગી કાર્ય કરે છે ત્યારે તેઓ પણ પોતાના બાળકોને સમૂહલગ્નોમાં પરણાવી સમાજમાં અન્ય લોકોને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે તેવી જ રીતે સરકારની વાહ વાહ કરતા સભ્યો પોતાના બાળકોને સરકારી શાળાઓમાં ભણાવશે તો જ સાચા અર્થમાં સરકારની વાહ વાહ થઈ ગણાશે. રાજ્યમાં ૩૫ હજાર કરતા પણ વધારે પ્રાથમિક શાળાઓ આવેલ છે. જેમાં અસંખ્ય ઓરડાઓની ઘટ છે. એવી જ રીતે શિક્ષકોની પણ એટલી જ ઘટ છે. એક બાજુ આપણે ઈસરો દ્વારા સેટેલાઈટ લોન્ચ વ્હીકલની વાત કરીએ છીએ અને બીજી બાજુ રાજ્યમાં ગમિત અને વિજ્ઞાનના શિક્ષકોની મોટા પ્રમાણમાં ઘટ છે. રાજ્યમાં બે સાબરકાંઠા અને બે બનાસકાંઠા જિલ્લાઓમાં અંગ્રેજી માધ્યમની શાળા મંજૂર થયેલ છે તેની સાથે માત્ર એક જ શાળા શરૂ થઈ શકી છે. અને બાકીની ત્રણ શાળાઓ શરૂ ન થવાનું કારમ માત્ર અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થી ન મળવાના કારણે સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં ૧૩૦૬ ઓરડાઓ જર્જરીત અને બિન કાર્યરત છે.

કચ્છ જિલ્લમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૨૨૪૫ શિક્ષકોની ઘટ છે. બોરડી તાલુકો બાયડ ગામે સરસ્વતી વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શાળામાં ૪૦૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સંસ્થા નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ ન થવાના કારણે શાળા બંધ કરવી પડે તેમ છે. તેથી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે જવાબદાર કોણ ? ધોરણ-૧ થી ૯માં વિદ્યાર્થીઓને પાસ ફરજીયાત એટલા માટે કરવામાં આવે છે કે, જો વિદ્યાર્થી નપાસ થાય તો વિદ્યાર્થીઓને જે તે વિષયના શિક્ષકે વેકેશનમાં ભણાવી નવા સત્ર પહેલા પરીક્ષા લઈ પાસ કરવો પડે છે. જેથી શિક્ષકનું કિંમતી વેકેશન ન બગડે તે માટે વિદ્યાર્થીઓને મદદ કરી પાસ કરી દેવામાં આવે છે. અગાઉના કોંગ્રેસના શાસનમાં વિક્રમભાઈ સારાભાઈ, કે.કા. શાસ્ત્રી, ઉમાશંકર જોષી જેવા કેળવણીકારો ઉપકુલપતિ તરીકે હતા આજે કુલપતિઓ પોતાના રક્ષણ માટે લાખોના ખર્ચે બાઉન્સરોની નિયુક્તી કરાય છે.

# એન્જિનિયરીંગની પાંચ હજાર બેઠકો રદ કરાશે

અમદાવાદ, તા. ૨૧

સ્ટુડન્ટની સંખ્યાના આધારે ટીચીંગ સ્ટાફ હોવો જોઈએ તવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સૌરાષ્ટ્ર સહિત ગુજરાતની અનેક એન્જિનીયરીંગ કોલેજોમાં સ્ટુડન્ટ સ્ટાફનો રેશિયો બરાબર જળવાતો ન હોવાથી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીએ આવી કોલેજોની બેઠકોની મંજુર કરાયેલી સંખ્યામાં કાપ મુકી દેવાનો નિર્ણય લેતાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. જીટીયુના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સમગ્ર રાજ્યમાંથી આ પ્રકારે કુલ ૫૦૦૦ બેઠકો રદ કરવાનો નિર્ણય જીટીયુ દ્વારા લેવાયો છે. એન્જીનીયરીંગ કોલેજોમાં બ્રાન્ચવાઈઝ વિદ્યાર્થીઓની સંખ્યા મુકરર કરાતી હોય છે ત્યારે લાયકાતવાળા અધ્યાપકો અને પ્રોફેસરોની સંખ્યા ધ્યાને લેવાતી હોય છે. અમુક કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ટીચીંગ સ્ટાફની સંખ્યા ઓછી હોવાનું ધ્યાને આવતા આવી કોલેજના સંચાલકોને પુરતો ક્વોલીફાઈડ સ્ટાફ ભરવા માટે વારંવાર તાકીદ કરવામાં આવી હતી આમ છતાં તેનો અમલ ન થતાં આખરે જીટીયુએ ધોકો પછાડ્યો છે અને એન્જીનીયરીંગની ૫૦૦૦ બેઠકો રદ કરી નાખી છે.

# ઉત્તમ શિક્ષણ વગર સમાજ ઉત્કૃષ્ટ નહીં બને : શક્તિસિંહ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય વિધાનસભામાં શિક્ષણ, બંદરો અને નાગરીક પુરવઠા વિભાગની માંગણીઓ પર ચર્ચામાં ભાગ લેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ઉત્તમ શિક્ષણ વગર ઉત્કૃષ્ટ સમાજનું સ્થાપન ન થઈ શકે. ચાણક્ય એ કહ્યું કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા હૈ એટલે કે જે શિક્ષક થઈ જાય એ સાધારણ ન હોય એમ નહીં પરંતુ અસાધારણ બુદ્ધિમત્તા દ્વારાવતા વ્યક્તિ જ શિક્ષક બની શકે. આમ શિક્ષકનું અતિ મહત્વ હોવા છતાં ગુજરાતમાં શિક્ષકોને પુરતો પગાર અપાતો નથી અને માત્ર ૫૩૦૦ રૂપિયાના ફિક્સ પગારમાં શિક્ષકોને નોકરી આપવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટે આ ફિક્સ પગારે યુવાનોનું શોષણ કરે છે અને આ કેવા પ્રકારનું વાઈબ્રન્ટ ગુજરાત ? એમ કહીને સરકારને પુરો પગાર ચુકવવા આદેશ આપેલો હોવા છતાં ગુજરાત સરકાર સુપ્રિમ કોર્ટમાં મેટર દાખલ કરીને ગુજરાતના શિક્ષકોને માત્ર ૫૩૦૦નો ફિક્સ પગાર આપે ચે જેના કારણે શિક્ષણ કથળતું જાય છે.

શાળા પ્રવેશ મહોત્સવના નામે લાખો રૂપિયા બરબાદ કરનાર ગુજરાત સરકાર પર ટીકા કરતા ગોહિલે કહ્યું હતું કે ગુજરાતમાં અસંખ્ય શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. સરકારી શાળામાં આચાર્યો, નિરંતર શિક્ષણ અધિકારીઓ અને એજ્યુકેશન ઈન્સપેક્ટર (ઈઆઈ)ની વર્ગ-૨ની અસંખ્યા જગ્યાઓ ગુજરાત સરકાર ભરતી નથી માટે પહેલા ખાલી જગ્યાઓ ભરવાનો ભરતી ઉત્સવ કરવો જોઈએ અને પછી પ્રવેશ ઉત્સવના નાટકો બંધ કરવા જોઈએ.

# ચૌધરી કોલેજમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થીઓને આવકાર અપાયા

ગાંધીનગર, તા. ૨૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનીઓને આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓને તિલક કરી આવકારવામાં આવી હતી તેમજ કોલેજ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

શહેરના સેકટર-૭માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં પ્રવેશ કરતી પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થના ગીત રજુ કરી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સરસ્વતીની દેવી સમક્ષ દીપ પ્રગટાવવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીનીઓને કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કરી કોલેજની માહિતી પુરી પાડી હતી. તેમજ ટ્રસ્ટી મંડળના સભ્ય ડી.જી. ચૌધરી અને શંકરભાઈ ચૌધરીએ કાર્યક્રમને અનુરૂપ પ્રવચન આપ્યું હતું તેમજ વિદ્યાર્થીનીઓને આશીર્વાદ આપ્યા હતા.

પ્રથમ વર્ષ કોલેજમાં પ્રવેશ કરતી વિદ્યાર્થીનીઓને સિનિયર વિદ્યાર્થીનીઓ કિંજલ પટેલ, નિલમ હાડા અને નશીમ દ્વારા તિલક કરી આવકારવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ પૌલમી ચૌધરી, દિવ્યા ચૌધરી, નૃપા ચૌધરી અને નિધિ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. પ્રતિમાબેન દ્વારા કરવામાં આવી હતી.

## બેતાલીસ લેઉવા પાટીદાર સમાજનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો પંદરમો ઈનામ વિતરણ સમારંભ ઘુંઘટ હોટલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગર દ્વારા ૧૫મો ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. ઘુંઘટ હોટલ ખાતે યોજાયેલ સમારોહમાં જુનિયર કેજીથી ધોરણ-૧૨નાં પહેલા ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ રમેશભાઈ એચ. પટેલ, ઉપપ્રમુખ મણીભાઈ કે. પટેલ, મંત્રી ખેમચંદભાઈ આર. પટેલ, ખજાનચી જયંતિભાઈ એલ. પટેલ, સહમંત્રી અમથાભાઈ ટી. પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૩માં જી-૨૦ દેશોનાં નાણા તથા શ્રમમંત્રીની સંયુક્ત બેઠક કયાં સ્થળે યોજવામાં આવી હતી ?

➔ **મોસ્કો**

૨. વર્ષ ૨૦૧૩માં એશિયાઇ એથ્લેટિક ચેમ્પિયનશીપનું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું હતું ?

➔ **પૂણે**

૩. વર્ષ ૨૦૧૩માં એશિયાઇ એથ્લેટિક ચેમ્પિયનશીપમાં સૌથી વધુ મેડલો કયા દેશે જીત્યા હતા ?

➔ **ચીન**

૪. વર્ષ ૨૦૧૩ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપની વિમન્સ-૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીતનાર શૈલી ફેઝર કયા દેશની દોડવીર છે ?

➔ **જમૈકા (વેસ્ટ ઇન્ડિઝ)**

૫. વર્ષ ૨૦૧૩માં યુરોપિયન મહિલા ફુટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ કયા દેશે જીત્યો હતો ?

➔ **જર્મની**

૬. વર્ષ ૨૦૧૩માં એમ.એસ. રાઘવન કઇ બેંકના ચેરમેન બન્યા છે ?

➔ **IDBI**

૭. વર્ષ ૨૦૧૩માં અંડર-૧૬ સાઉથ એશિયન ફુટબોલ ફેડરેશન (સાફ) ચેમ્પિયનશીપ કયા દેશે જીતી હતી ?

➔ **ભારત**

૮. તાજેતરમાં રાણા કપૂર કયાં સંગટનના અધ્યક્ષ બન્યા છે ?

➔ **ASSOCHAM**

૯. યુનેસ્કોએ કયા શહેરને વર્ષ ૨૦૧૫ માટે ''વૈશ્વિક બુક રાજધાની'' તરીકે જાહેર કરેલી છે ?

➔ **ઇંચિઓન**

૧૦. વર્ષ ૨૦૧૩માં હસન રોહાની એ કયા દેશના રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતા ?

➔ **ઇરાન**

૧૨. વર્ષ ૨૦૧૩માં હસન રોહાનીના શપથવિધિ સમારોહમાં ભારત વતી કોણ હાજર રહ્યા હતા ?

➔ **ડો. હામિદ અંસારી**

૧૩. વર્ષ ૨૦૧૩માં કઇ ટેનિસ ખેલાડી ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલી ધનિક મહિલા ટેનિસ ખેલાડીઓની યાદીમાં પ્રથમ નંબરે છે ?

➔ **મારીયા શારાપોવા**

૧૪. વર્ષ ૨૦૧૩માં કઇ તારીખે 'હિરોશીમા દિવસ' મનાવવમાં આવ્યો હતો ?

➔ **૬ ઓગસ્ટ**

૧૫. વર્ષ ૨૦૧૩માં જાહેર થયેલા નવા કંપની બિલ અનુસાર હવે કંપનીઓએ કેટલા ટકા રકમ સામાજિક કાર્યો માટે ફાળવવી પડશે ?

➔ **બે ટકા**

૧૬. રોજર્સ કપ ટેનિસ ટૂર્નામેન્ટના ફાઇનલ મુકાબલામાં રાફેલ નદાલે કયા ખેલાડીને હરાવ્યો હતો ?

➔ **મિલોસ રેનોઇક**

૧૭. વર્ષ ૨૦૧૩માં પરીક્ષણ કરાયેલી પૃથ્વી-૨ મિસાઇલ કેટલા કિ.મી. સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે ?

➔ **૩૫૦ કિ.મી.**

૧૮. રોજર્સ કપ ટેનિસ ટૂર્નામેન્ટનો મહિલા વિભાગનો સિંગલ્સ ખિતાબ કઇ ટેનિસ ખેલાડીએ જીત્યો હતો ?

➔ **સેરેના વિલિયમ્સ**

૧૯. INS વિક્રાંત જહાજ કેટલું વજન ધરાવે છે ?

➔ **૩૭,૫૦૦ ટન**

૨૦. વર્ષ ૨૦૧૩માં આયોજિત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં સુવર્ણપદ વિજેતા ઉસૈન બોલ્ટે ૧૦૦ મીટર દોડ કેટલી સેકન્ડમાં પુરી કરી હતી ?

➔ **૯.૭૭ સેકન્ડ**

# વરસાદ એટલે ધરતી પર અનુભવાતો ઈશ્વરનો સાક્ષાત્કાર, ઉત્સાહ, ઉમંગ અને ભાવની મસ્તીમાં ભીંજાતા ભીંજાતા આપણે આ સંસારના તમામ ગમતા કે ન ગમતા કાર્યો કરતાં જ રહેવાના હોય છે!

## વિચારસભા
### વર્ષાગીતો
નેહર જયદીપ ગઢવી

વરસાદ આ વર્ષો થોડો ખેંચાઇ ગયો અને આપણે સૌએ તેનાથી ગભરાઇ જઇને તેને રીજવવાના પ્રયત્નો પણ કર્યા! પરંતુ, આડેધડ, વૃક્ષોનું છેદન અને ક્રોક્રીંટના જંગલ બનાવવાનું આ પરિણામ આવી શકે એવી ભીતિ તો પર્યાવરણશાસ્ત્રીઓએ ઘણી વાર ઉચ્ચારી છે! ખેર, આ વિશેની વધુ ચર્ચામાં પડ્યા વિના આજે ચાલો આપણે ભીંજાઇએ વર્ષાઋતુની મનમોહકતા કંઇક ન્યારી જ છે. તેનાં અવનવા રૂપ માનવીના જીવનમાં નવજીવન - નવચેતના સ્વરૂપે વરસે છે. આ વરસવું એ જ ખીલવું, વિકસવું અને વિસ્તરવું. વરસાદ એટલે ધરતી પર અનુભવાતો ઇશ્વરનો સાક્ષાત્કાર. ઉત્સાહ, ઉમંગ અને ભાવની મસ્તીમાં ભીંજાતા ભીંજાતા આપણે આ સંસારના તમામ ગમતા કે ન ગમતા કાર્યો કરતાં જ રહેવાના હોય છે! જીવનમાં ઉતાર-ચડાવ તો આવ્યા જ કરે! પરંતુ, આ મનમયૂર તો થનગનાટ કરતું વરસાદમાં મસ્ત બની ગહેકી જ ઊઠે છે! અનિલ જોશી લખે છે કે,

પહેલા વરસાદનો છાંટો મુને વાગીયો હું
પાટો બંધાવા હાલી રે...
વેંત વેંત લોહી કાંઇ ઊંચું થયું ને
જીવને ચઢી ગઇ ખાલી રે...

પ્રત્યેક ઋતુઓને પોતાને એક આગવો મિજાજ હોય છે. ઋતુઓની અનુભૂતિના માપદંડ દરેક વ્યક્તિને અલગ હોઇ શકે, પરંતુ આનંદની પરિભાષા સૌને એક જ છે. તેમાંય પહેલાં વરસાદની તો વાત જ કંઇક નિરાળી હોય છે, રોમાંચક હોય છે! પહેલાં વરસાદના વાદળ અને વીજના રૂઆબ કેવા અદ્‌ભૂત હોય છે! આકાશી અમૃતનો લાભ અને આભથી વછૂટતાં ભીનાં વેણનાં વહેણમાં આવતો વરસાદી કેફ અને કેફ દ્વારા પહેલા વરસાદની, મોસમના મિજાજને પામવાની વાત નીતા રમૈયાએ સુંદર રીતે વર્ણવી છે;

પહેલે વરસાદે, કેમ કરી પામવા
મોસમના અઢળક મિજાજ;
ઊભા રહે તો, રાજ, આંખ ભરી જોઇ લઉં
વાદળ ને વીજના રૂઆબ.

આપણા પ્રાચીનતમ ગ્રંથોમાં ઋતુઓનો મહિમા ઉલ્લાસપૂર્વક ગવાયો છે. પ્રાચીનકાળથી જ વરસાદના મનોમનમાં ભીંજાવું સૌ કોઇને ગમે છે. આપણાં ઉપનિષદનાં માણસને આકાશનો પુત્ર કહ્યો છે. આગળ જતાં આપણા મહાકવિ વાલ્મિકીએ રામાયણના ૨૮મા સર્ગમાં વર્ષાનું વર્ણન છે. તુલસીદાસે પણ રામચરિત માનસના કિષ્કિન્ધા કાંડમાં સીતાની શોધમાં નીકળેલા રામને વર્ષાની અનુભૂતિ કેવા પ્રકારની થાય છે તેનું વર્ણન કર્યું છે. તો મધ્યકાળમાં ભક્તકવિ નરસિંહ મહેતાનું સર્જન યાદ આવ્યા વિના કેમ રહે?

મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાય ઘૂઘરડી
તાલ પખાજ વજાડે રે ગોપી,
વહાલો વજાડે વેણુ વાંસલડી રે
દન વંસીવટ, ધન જમનાતટ,
ધન ધન આ અવતાર રે
ધન નરસૈયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલ્હાર રે

ઉપરોક્ત રચનાં કલ્પન, પ્રતીક, અલંકાર, પ્રાય - અનુપ્રાસ, લય, નાદ અને ભાષાની સુંદર પદરચના દ્વારા વરસાદમયતાનું અલૌકિક વાતાવરણ રચી આપે છે. તો વળી રમેશ પારેખ વરસાદને કંઇક નોખી જ રીતે મૂલવે છે;

એક વરસાદનું ટીપું અમે છબીમાં મઢ્યું,
ત્યારથી ભેજભર્યા ઓરડા કોરા ન થયા...
આજ વરસાદ નથી એમ ન કહેવાય, રમેશ;
એમ કહીએ કે, હશે આપણે ભીના ન થયા.

વરસાદને સૌએ પોતપોતાની રીતે મૂલવ્યો છે. દરેકને માટે એ જુદી જુદી સંવેદનાઓ લઇને આવે છે! કોઇ ક્ષુબ્ધ મન સાથે વરસાદમાં ભીંજાઇ રહ્યું હોય ત્યારે તેનો હેતુ કંઇક અલગ જ હોય! તે વરસાદને માણી શકતો નથી, પરંતુ વરસાદમાં પોતાના અશ્રુઓને આ જગતની છાતા વહેવડાવે છે! ચોમાસું અઢી અક્ષરના પ્રેમને મળતું આવે છે અને એનું સંવેદન પૂરવા અડધા અક્ષરની ખોટ પૂરવા તેને સાજન પાસે જવાની તાલાવેલી લાગે છે. ભગવતીકુમાર શર્મા તેમની આ રચનામાં સુંદર શબ્દોની ઘટમાળ દ્વારા વરસાદને જીવંત રીતે રજૂ કરે છે!

અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!
પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ,
અઢી અક્ષરના ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વ્રેહ!

ગ્લોબલ વોર્મિંગ અને વૃક્ષછેદનના આ યુગમાં અતિશય ગરમીના પ્રકોપથી બચવા વધુ એક એ.સી. મૂકાવવાને બદલે આપણે આંગણામાં એક લીમડો વાવીએ તો વધુ સારું! પણ વાદળોનું ટોળું લાઇક કરવા ઊમટશે જ, એક ફ્રેન્ડ રીકવેસ્ટ વૃક્ષોને મોકલી તો જુઓ! વરસાદ જો થોડો વરસીને રહી જાય તો આપણે સૌ ચિંતિત બની જઇએ છીએ! અને આપણાથી કહેવાઇ જાય છે કે,

તમે મને મૂકીને વરસો
ઝાપટું અમને નહીં ફાવે!
અમે હેલીના માણસો
માવઠું અમને નહિ ફાવે!

કવિ ગૌરાંગ ઠાકરે સાંપ્રત સમયને લક્ષમાં રાખીને વરસાદને મોબાઇલ સાથે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. વરસાદી વાતાવરણ અને મોબાઇલને સાંકળીને વરસાદને નવી જ રીતે જોવાનો પ્રયાસ કર્યો છે.

કાળિયા વરસાદ તને પરણાવી ધરતીને
દીધો છે સેલફોન દહેજમાં,
અષાઢી મેઘ મૂવા કયાં તું ભરાણો,
આજ તારો મોબાઇલ નથી રેન્જમાં.
લાગણીનું પ્રીપેઇડ ખાલી કરીને,
હવે મિસકોલ કરતી મીસીસ છે,
ફુરસદમાં સ્હેજ હવે વરસીને વાંચ,
એની આંખોમાં ચાર-પાંચ થીસીસ છે,
બેટરીની જેમ એનું બી.પી. થાય લો,
તારો આવે મોબાઇલ એન્ગેજમાં.
તારા તારો મોબાઇલ નથી રેન્જમાં...

**પાનબીડું :**

વરસાદમાં ભીંજાય વિનાના લોકો માટે અનુકંપા વ્યક્ત કરતાં સંદીપ ભાટીયા લખે છે કે,

આખું ચોમાસું તેં મોકલ્યું ટપાસમાં
ને પરબીડયું ગયું ગેરવલ્લે
હવે મારું ભીંજાવું ચડ્યું ટલ્લે.

આપણે સૌ આ વરસાદને અને અષાઢી માહોલને મન ભરીને માણી શકીએ અને સમયના અભાવે આપણું ભીજાવું ટલ્લે ન ચડે એ જ હવે જોવાનું...!!!